# શ્રી રામચંદ્ર મિશન®
# ઈન્ડીયા ન્યુઝલેટર

મે 2008 માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ 1 અંક 3


પ્રિય ભાઈઓ અને બહેનો,

પ્રણામ.

ભારતભરમાંથી અમને મળતાં લેખોમાં થયેલાં અનેકગણા વધારા માટે, તેમ જ આપના રસ અને પ્રોત્સાહન બદલ, અમે આપના આભારી છીએ. કૃપા કરીને લેખો મોકલવાનું ચાલુ રાખશો કે જેથી સૌ અભ્યાસીઓ તમારા અનુભવોનો લાભ લઈ શકે. ખાજેતરમાં તંત્રીગણ સાથે થયેલી મિટિંગમાં, પૂ.માસ્ટરે સલાહ આપી હતી કે લખાણ રસપ્રદ અને મૌલિક હોવું જોઈએ, જટિલ નહીં. તો આ ન્યૂઝલેટર માટે જ્યારે લેખ મોકલો, ત્યારે આ બાબતો ધ્યાનમાં રાખવા વિનંતી છે.

જુલાઈ અંક માટેના લેખો સ્વીકારવાની છેલ્લી તારીખ, 15મી જૂન 2008 છે. મહેરબાની કરીને તમારું લખાણ, વિગત અને ફોટોગ્રાફ સહિત, તમારા ઝોન-ઈન-ચાર્જ મારફતે મોકલશો.

શુભેચ્છાઓ,
તંત્રીઓ.



## પૂ.માસ્ટરનો માર્ચનો પ્રવાસ

### તિરુપુર આશ્રમનું ઉદ્‌ઘાટન



28મી ફેબ્રુઆરીના રોજ પૂ.માસ્ટરે, ડાયમંડ જ્યુબલી પાર્ક ખાતે આવેલા વિશાળ અને ભવ્ય મેડિટેશન હોલનું ઉદ્‌ઘાટન કરવા અને આરામ કરવા, તિરુપુરની મુલાકાત લીધી હતી. 2જી માર્ચ 2008ના રોજ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં આ ઉદ્‌ઘાટન યોજાયું હતું. પૂ.માસ્ટરે મલયાલમ શબ્દોનો ભરપૂર ઉપયોગ કરીને તમિલમાં ભાષણ કર્યું હતું, જેથી અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા. હોલ વિશાળ, હવાઉજાસવાળો અને મોકળાશવાળો છે અને તેમાં આશરે 2500 અભ્યાસીઓ સમાઈ શકે તેમ છે. મકાનનું બાંધકામ સરળ રીતે કરવામાં આવ્યું છે, કે જેથી જ્યારે જરૂર પડે ત્યારે એમાં ફેરફારો કરી શકાય.

### મલમપુઝ, કેરાલામાં SMSF રીટ્રીટ સેન્ટર

3જી માર્ચના રોજ પૂ.માસ્ટર કાર દ્વારા તિરુપુરથી કેરાલાના મલમપુઝ ખાતે આવેલા સહજ માર્ગ સ્પીરીટ્યુઆલીટી ફાઉન્ડેશનના રીટ્રીટ સેન્ટર પર ગયા હતા. આ સેન્ટર પલક્કડની ભાગોળમાં અને તિરુપુરથી લગભગ 95 કિ.મી. દૂર આવેલું છે. ત્યાં તેમણે મેડિટેશન હોલનો શિલાન્યાસ કર્યો, ડોરમેટરી બ્લોકનું ઉદ્‌ઘાટન કર્યું અને સત્સંગ કરાવ્યો હતો. સત્સંગમાં એવું લાગ્યું કે અમે બધાં જાણે કોઈ અજાણી દુનિયાની સફરે જઈ આવ્યાં ન હોઈએ!



### કોઈમ્બતુર

પૂ.માસ્ટરની કોઈમ્બતુરની મુલાકાત પણ એક બીજો, ભવ્ય લ્હાવો હતો. તેઓ કાર દ્વારા સફર કરીને આવ્યા હોવાથી, થાકેલા હતા, છતાં પણ અભ્યાસી ભાઈ-બહેનોને મળવા ખૂબ આતુર જણાતા હતા. અભ્યાસીઓના મોટા સમુદાયને મળવા પૂ.માસ્ટર બહાર આવ્યા અને તેમણે કહ્યું, "વ્યક્તિ કોઈપણ સંજોગોમાં ખુશ રહી શકે છે," વળી તેમણે ઉમેર્યું, "હું મારી જાતે જ, કોઈપણ આમંત્રણની કે કોઈના બોલાવવાની રાહ જોયા વગર જ આવ્યો છું. હું અહીં બે કારણોસર આવ્યો છું: એક કારણ એ છે કે હું એવું નથી ઈચ્છતો કે તમે એવું વિચાર્યા કરો કે આશ્રમ તમારો છે, આ મારો પણ આશ્રમ છે!" જ્યારે અભ્યાસીઓએ તેમને બીજું કારણ જણાવવા વારંવાર પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું, "અહીં આવવાનું બીજું કારણ તમને એ શીખવવાનું છે કે આ કેવળ ગુરુજીનો જ આશ્રમ નથી, પણ આપણાં સૌનો આશ્રમ છે!"

### બેંગલોર



૬ઠી માર્ચના રોજ પૂ.માસ્ટર કોઈમ્બતુરથી વિમાન દ્વારા બેંગલોર આવી પહોંચ્યા અને તેમણે ૮મી માર્ચના રોજ, લાલાજી નિલયમ મેડિટેશન સેન્ટરનું નિરીક્ષણ કર્યું, કે જેનું કાર્ય ઓક્ટોબર ૨૦૦૮ સુધીમાં પૂર્ણ થવાનું છે. બાંધકામના કાર્યની પ્રગતિ અને તેમાં જળવાઈ રહેલી ગુણવત્તા જોઈને તેઓ ખુશ થયા.

રવિવારે તેમણે બાનશંકરી આશ્રમની મુલાકાત લીધી કે જ્યાં તેમને મળવા લગભગ ૨૦૦૦ અભયાસીઓ ભેગાં થયાં હતાં. આશ્રમમાં ખૂબ ભીડ હતી, છતાં માસ્ટર ઘણા જ સ્વસ્થ હતા. એમણે મકાનના બંધારણના માળખામાં થયેલાં કેટલાંક સુધારાઓની પ્રશંસા કરી હતી. પરસાળમાં ખૂબ ભીડ હોવાં છતાં પણ પોતાની મનપસંદ જગ્યાએ જવા તેમણે ત્યાંથી ચાલીને જ જવાનું પસંદ કર્યું હતું. આ રીતે પરસાળમાંથી ચાલીને જતાં તેઓ ઘણાં લોકોને મળ્યા અને તેમની સાથે મુલાકાતની મળેલી આ તકથી અભ્યાસીઓ કૃતજ્ઞ બની ગયા હતા.

સત્સંગ પછી પૂ.માસ્ટરે બે લગ્નો કરાવ્યા હતાં અને પછી તેમણે આપણી આધ્યાત્મિક ઉન્નતિ થતી રહે તે માટે જરૂરી એવી સહનશક્તિની અને નિયંત્રણ જાળવવાની જરૂરિયાત વિશે કહ્યું હતું. નવમી તારીખે તેમણે ક્રેસ્ટ ખાતે રાખવામાં આવેલા કર્ણાટકના પ્રશિક્ષકોના સેમિનાર દરમિયાન કહ્યું હતું, "આપણે ક્યારે આપણા પોતાના પ્રત્યે પ્રામાણિક બનીશું? આપણે ક્યારે આપણા સમયનો ઉપયોગ આપણા પોતાના માટે કરીશું? 'તેમના' માટે કાર્ય કરી રહ્યા છીએ, તે પ્રાચીન ઢોંગને આપણે ક્યારે ભૂલીશું અને આપણે ક્યારે પ્રામાણિકપણે, નિષ્ઠાપૂર્વક, ઉદ્દેશપૂર્ણરીતે, સ્વ-સેવા માટે કાર્ય કરીશું? હું ફરીથી કહું છું કે કોઈએ ક્યારેય 'તેમના' માટે કાર્ય કર્યું જ નથી."

## SMSF રીટ્રીટ સેન્ટર, પાનશેત

14મી માર્ચ, 2008ના દિવસે, પૂ.માસ્ટરે ભારતના બીજા, SMSF રીટ્રીટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ રીટ્રીટ સેન્ટર પૂના(મહારાષ્ટ્ર)ની પરિસરમાં, અતિ રમણીય જગ્યાએ, ખડકવાસલા સરોવરના કિનારે, પાનશેત બંધની નજીક આવેલું છે. એની ચારે બાજુ ગીરીમાળાઓ છે. આ રીટ્રીટ સેન્ટરમાં મેડિટેશન હોલ, રસોડું તથા જમવાનો ખંડ અને ડોરમેટરી બ્લોકનો સમાવેશ

થાય છે. આ રીટ્રીટ સેન્ટર, કેરાલાના મલમપુઝના રીટ્રીટ સેન્ટર જેવું, જેનું ઉદ્‌ઘાટન તાજેતરમાં જ કરવામાં આવ્યું હતું, તેના જેવું જ છે અને એવી જ રીતે આ રીટ્રીટ સેન્ટર પણ પર સ્વમૂલ્યાંકન માટે જવા ઈચ્છતા અભ્યાસીઓ માટે 14મી એપ્રિલ 2008 પછી ખુલ્લું મૂકવામાં આવશે.


SMSF રીટ્રીટ સેન્ટર, પાનશેત

## પનવેલ આશ્રમ, મુંબઈ

પૂ.માસ્ટરે, પૂનાથી કાર દ્વારા પનવેલ જવા માટે 17મી માર્ચે પ્રયાણ કર્યું. પનવેલમાં 1400 જેટલા પ્રેમાળ અભ્યાસીઓનો મોટો સમુદાય તેમના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. તેમને જોઈને સૌ ખુશ થઈ ગયા. દરેકની સામે હાથ હલાવતા, દરેકના નમસ્કારને વ્યક્તિગતરૂપે સ્વીકારતા અને નાનાં બાળકોને વહાલથી એમની લાકડીથી ઠપકારતા માસ્ટરને જોવાનું દ્રશ્ય આહલાદક હતું. આશ્રમ પહોંચીને તેમણે સત્સંગ કરાવ્યો. ધ્યાનની બેઠક ખૂબ ગહન હતી અને હાજર રહેલા દરેક જણે પ્રેમના તીવ્ર, છતાં સૂક્ષ્મ પ્રવાહનો અનુભવ કર્યો હતો.

પૂ.માસ્ટરે આશ્રમની દરેક જગ્યાની મુલાકાત લીધી હતી, દરેક દરેક રૂમોમાં નજર નાંખી હતી અને પછી તેઓ અગાશી પર ગયા હતા અને ત્યાંથી તે આખા ય 'હરિયાળા પ્રદેશ'નું અવલોકન કર્યું હતું. 18મીએ સવારે માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. ત્યાર પછી 'હાર્ટ સ્પીક્સ 2005'ના મરાઠી અનુવાદના પુસ્તકનું વિમોચન કરવામા આવ્યું હતું. ત્યાર પછી માસ્ટર તે હરિયાળા પ્રદેશમાં ગયા હતા અને ત્યાં એક છોડ રોપ્યો હતો. પછી કોટેજમાં પાછા જઈ માસ્ટર એક વૃક્ષ નીચે બેઠા હતા, જ્યાં તેમણે ઈઝરાઈલથી આવેલા કેટલાંક અભ્યાસીઓ સાથે આનંદપૂર્વક વાર્તાલાપ કર્યો હતો. જ્યારે તેમણે એ દેશોની મુલાકાત લીધી હતી, ત્યારે તેમને જે અનુભવો થયા હતા અને જે મુશ્કેલીઓ પડી હતી, તે વિશે કહ્યું હતું. રાત્રે લગભગ નવ વાગે પૂ.માસ્ટર કોટેજની બહાર આવ્યા હતા અને જમવાના રૂમની બાજુમાં આવેલા હોલમાં બેઠેલા અભ્યાસીઓ સાથે થોડો સમય વિતાવ્યો હતો.


પનવેલ આશ્રમ: આંબાવાડિયામા


પનવેલ આશ્રમ: મેડિટેશન હોલ

પૂ.માસ્ટર, ગોવામાં માંડોવી નદીના કિનારે



## ગોવા

૨૧મી તારીખે પૂ.માસ્ટર વિમાન દ્વારા ગોવા પહોંચ્યા. તેઓ માંડોવી નદીના કિનારે આવેલ, એક અભ્યાસીના ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. બીજે દિવસે, ૨૨મીએ સવારે અને સાંજે પૂ.માસ્ટર નિયત સ્થળ પર ગયા, જ્યાં હુબલી, બેલગામ, પૂના અને મુંબઈ તથા નાસિક જેવા નજીકના સેન્ટરોમાંથી લગભગ ૪૦૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા.

રવિવારે સવારે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો અને પછી ટૂંકું પ્રવચન આપ્યું. તેમણે કહ્યં કે જ્યારે ગોવામાં ૫૦૦ અભ્યાસીઓ થશે, ત્યારે જ તેઓ ફરી ગોવા આવશે. "પતિ એની પત્નીને કેમ નથી લાવી શકતો અને પત્ની એના પતિને કેમ નથી લાવી શકતી? જો પતિ અને પત્ની સિનેમા જોવા અને હનિમૂન પર જોડે જઈ શકે છે, તો અહીં કેમ નહીં ?" તેમણે કહ્યું, "અહીં આ આધ્યાત્મિક હનિમૂન છે. આપણે જે પ્રાપ્ત કરીએ છીએ, તેને આપણે વહેંચવાનું છે. નહીં તો તે ગંધાઈ ઊઠશે. માત્ર આપવામાંજ જીવન છે અને ઈશ્વર ફક્ત આપવા માટે જ આપણને આપતા હોય છે. આ યાદ રાખજો."

૨૯મીની સાંજે પૂ.માસ્ટર, કોટેજની બહાર, નદીકિનારે બેઠા હતા. લગભગ ૪૦ અભ્યાસીઓ, શાંતિપૂર્વક પૂ.માસ્ટરના દિવ્ય ચરણોમાં બેઠા હતા. પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો અને તે પછી, વરસાદ ચાલુ થતાં, તેઓ કોટેજમાં ચાલ્યા ગયા. દર રવિવારે જ્યાં સત્સંગ રાખવામાં આવે છે, તે જગ્યાની પૂ.માસ્ટરે ૨૩મીએ સવારે મુલાકાત લીધી હતી અને પછી તેઓ વિમાન દ્વારા મુંબઈ થઈને ચેન્નઈ જવા માટે એરપોર્ટ ગયા હતા.

SRCM
# ઈન્ડીયા ન્યુઝલેટર
મે 2008 માત્ર અંગત પ્રકાશન માટ વર્ષ 1 અંક 3

## ૨૪મી જુલાઈ ૨૦૦૮, લખનૌ

પૂ.માસ્ટરની 81મી જન્મજ્યંતિનો ઉત્સવ લખનૌ(ઉ.પ્ર.,ભારત) ખાતે તા.23, 24 અને 25 જુલાઈ, 2008 દરમિયાન રાખવામાં આવશે.

ઉત્સવને લગતી માહિતી, સરક્યુલર અને ફોર્મ મિશનની વેબસાઈટ પર ઉપલબ્ધ છે:
http://www.srcm.org/members/24july2008/index.jsp

અભ્યાસીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમનાં નામ, બને એટલાં જલ્દી, 15મી મે 2008 પહેલાં, નોંધાવી લે.

આ ઉત્સવની તૈયારીમાં મદદ કરવા માટે સ્વયંસેવકોએ ઓછામાં ઓછાં બે અઠવાડિયાં પહેલાં હાજર થવું જરૂરી છે. ઉત્સવના કામને સમેટવા માટે કેટલાંક સ્વયંસેવકોની જરૂર ઉત્સવ પૂરા થયા પછીનાં દસ દિવસ સુધી પણ રહેશે.

## SMSF રીટ્રીટ સેન્ટર


મલમપુઝ અને પાનશેત ખાતેનાં રીટ્રીટ સેન્ટરો 14મી એપ્રિલ 2008થી અભ્યાસીઓ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. જે અભ્યાસીઓ 3 થી 30 દિવસ માટે પોતાનું પુન:મૂલ્યાંકન–રીટ્રીટ કરવા ઈચ્છતા હોય, તેઓ અરજી કરી શકે છે.

વધારે માહિતી માટે કૃપયા નીચેની લિન્ક જુઓ:
http://sahajmarg.org/welcome/retreat/index.html

## નવી એમપી૩ સીડી –ક્ર૩ ઈઉ

‘હી, હુક્કા એન્ડ આઈ– લાઈટ ઈન ધ ડાર્કનેસ.’

‘હી, હુક્કા એન્ડ આઈ’ નો જે સેટ જુલાઈ–2007માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો, તે 18–ડીવીડીનાં ઓડિયો ટ્રેક્સ આ એમપી૩ સીડીમાં સમાયેલા છે. આ વક્તવ્યો પૂ.માસ્ટરે આ વિશિષ્ટ પ્રકાશન માટે જ આપ્યાં છે.




## આશ્રમ મેઈટેનન્સ ઓરીએન્ટેશન પ્રોગ્રામ

આ કાર્યક્રમ(AMOP)ની પહેલી બેચ 1લી જૂનથી 30મી જૂન સુધી બાબુજી મેમોરીયલ આશ્રમ, ચેન્નઈ ખાતે લેવામાં આવશે. આ કાર્યક્રમનું સંચાલન અંગ્રેજીમાં કરવામાં આવશે. આશ્રમની જાળવણી કરવા માટેનાં બધાંજ પાસાંઓની અહીં પૂરતી તાલીમ આપવામાં આવશે.

આ કાર્યક્રમ માટે નીચેનાં અરજી કરી શકશે:

1. 19 થી 50 વર્ષની વય ધરાવતા ભારતના અભ્યાસીઓ.
2. તેઓ ઓછામાં ઓછા 1 વર્ષથી સહજ માર્ગનો અભ્યાસ કરતાં હોવાં જોઈએ.
3. તેમણે ઓછામાં ઓછો એક ભંડારા/ઉત્સવમાં ભાગ લીધેલો હોવો જોઈએ.
4. અરજી સાથે તેમના ઝોન / સેન્ટર / પ્રિસેપ્ટર / કન્ટ્રી–ઈન્ચાર્જનું તેમની સારી વર્તણૂંકનું સર્ટિફિકેટ જોડેલું હોવું જોઈએ.
5. કાર્યક્રમ દરમિયાન જમવાની અને રહેવાની વ્યવસ્થા આશ્રમમાં નિ:શુલ્ક પૂરી પાડવામાં આવશે. એ સિવાયની બીજી કોઈપણ જાતની મદદ, આર્થિક કે બીજી કોઈ રીતની મદદની અપેક્ષા રાખવી નહીં. તેમના રોકાણ દરમિયાનનાં પૂરતાં કપડાં અને પોતાના અંગત ખર્ચના પૈસા તેમણે પોતે લાવવાના રહેશે.
6. આખા કાર્યક્રમમાં ભાગ લેવા માટે તેઓ સંપૂર્ણ શિસ્તબધ્ધ અને સક્રિય હોવાં જોઈએ.
7. આ કાર્યક્રમ માટે અમે ત્રણ ઓવરસીઝ–વિદેશી પણ અભ્યાસીઓને લઈશું.

જે અભ્યાસીઓ આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂરો કરશે, તેઓ મણપાક્કમ અને ભારતમાં આવેલાં અન્ય આશ્રમોનાં આશ્રમ–સ્ટાફ તરીકે સમાવેશ કરવા યોગ્ય ગણાશે.

અભ્યાસીઓએ 10મી મે 2008 સુધીમાં તેમની અરજીઓ તેમના ઝોન/સેન્ટર/પ્રિસેપ્ટર/કન્ટ્રી–ઈન–ચાર્જ દ્વારા મોકલવાની રહેશે. જેમનાં નામ યાદીમાં આવશે, તેમને 12મી મે 2008 સુધીમાં માહિતગાર કરવામાં આવશે. તેમણે મણપાક્કમ આશ્રમમાં 28મી મે 2008 સુધીમાં હાજર થવાનું રહેશે. અરજીપત્રો નીચેના સરનામે મોકલી શકાશે.

એસ. પ્રકાશ, આશ્રમ મેઈનટેનન્સ મેનેજર, બાબુજી મેમોરીયલ આશ્રમ, શ્રી રામચંદ્ર મિશન, વર્લ્ડ હેડકવાર્ટસ, મણપાક્કમ, ચેન્નઈ–600116, ભારત
ફોન: +91 44 4217 1111
ઈમેલ: prakash@seechangeworld.com
અરજીનું ફોર્મ અહીંથી મેળવી શકાશે: http://www.srcm.org/members/forms/amop-appform.pdf

## CREST –ક્રેસ્ટ, યુવાનો માટે સાધના કાર્યક્રમ

ક્રેસ્ટને એ જણાવતાં આનંદ થાય છે કે ફક્ત 20થી 30 વર્ષની વયના અભ્યાસીઓ માટે જ આ નવા તાલીમી કાર્યક્રમની યોજના કરવામાં આવી છે. "યુવાનો માટેનો સાધના કાર્યક્રમ" 6 દિવસનો રહેશે. આ દિવસો દરમિયાન રહેઠાણ ‘ક્રેસ્ટ સેન્ટર’ પર જ રહેશે. કાર્યક્રમની વિગતો, સાધના કાર્યક્રમ જેવી જ રહેશે; તેમાં ખાસ કરીને યુવાનો માટેના વિષયો પરની ચર્ચાઓ યોજવામાં આવશે.

ચર્ચાઓ માટે કેટલાંક વિષયો હશે, "સ્વયંસેવાની ધગશ", "સહજ માર્ગ પધ્ધતિ દ્વારા લગ્ન", "કુટુમ્બ/ઘર અને વ્યવસાયનાં સંબંધો", "આર્થિક આયોજન" અને "પરિવાર નિયોજન/ પરિવારની અગત્યતા."

સાધના કાર્યક્રમની જેમ જ, ધ્યાન, સફાઈ, પ્રાર્થના અને સતત સ્મરણનાં વિષયો પર ચર્ચાઓ યોજવામાં આવશે.

આ તાલીમી કાર્યક્રમનો સૌ પ્રથમ કાર્યક્રમ અંગ્રેજીમાં રહેશે, જે તે 17મી જૂનથી 22મી જૂન 2008 સુધી યોજાશે. જે અભ્યાસીઓ 20થી 30 વર્ષની વયમર્યાદામાં આવે છે, તેઓ આ તાલીમમાં ભાગ લેવાને યોગ્ય ગણાશે.

અરજીપત્રો નીચેની લિન્ક પર ઉપલબ્ધ છે:

http://sahajmarg.org/welcome/crest/index.html

અરજીપત્રો મોકલવાનું ઈમેલ એડ્રેસ છે: crest.applications@sahajmarg.org

ઈમેલના વિષયમાં "સાધના પ્રોગ્રામ: યુથ"લખવું.

## મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ –VBSE કાર્યક્રમો

### રાજસ્થાન

મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ કાર્યક્રમને, રાજસ્થાનમાં ઘણી સારી રીતે અપનાવવામાં આવ્યો છે. રાજસ્થાન ઝોનનાં VBSE માટે ફેકલ્ટી–ઈન–ચાર્જ, બહેન રાની મિશ્રાએ ૧૩મી જાન્યુ.૨૦૦૮ના રોજ કોટા ખાતે અને ૨૦મી માર્ચે જયપુરના ખાતઈપુરાની સ્કોલર્સ એકેડમી નામની એક સેકન્ડરી સ્કૂલ ખાતે અભ્યાસીઓ માટે વર્કશોપનું આયોજન કર્યું હતું. શાળાના ડાયરેક્ટર અને પ્રિન્સીપાલે પણ વર્કશોપમાં હાજરી આપી હતી. ભાગ લેનાર દરેક જણે આ કાર્યક્રમની ખૂબ પ્રશંસા કરી હતી.

### મદનાપલ્લી

મદનાપલ્લી ખાતે માર્ચની પહેલી તારીખે વિશ્વમ બી.એડ. કોલેજમાં VBSEનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. લગભગ ૧૧૦ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. ભાઈ વેંકટ રેડ્ડી "મૂલ્યોની આવશ્યકતા" વિશે બોલ્યા હતા અને ભાઈ બ્રહ્માનંદમે "શિક્ષણમાં મૂલ્યોનું અમલીકરણ" વિશે કહ્યું હતું. ભાઈ બ્રહ્માનંદમે, ભાગ લેનારાના પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કર્યું હતું.

### અનંતપુર

માર્ચમાં VBSEની ટીમે બહેન ગાયત્રીના માર્ગદર્શન હેઠળ, સ્થાનિક શાળાઓની મુલાકાત લીધી હતી. જેમાં તેમણે મૂલ્ય આધારિત પધ્ધતિ અપનાવવાની અગત્યતાનું વર્ણન કર્યું હતું. શાળાના સંચાલકોએ તેમની શાળામાં VBSEના અભ્યાસીક્રમને અમલમાં મુકવા માટે રૂચિ દર્શાવી છે.

## વક્તવ્ય: 'તણાવનું નિયમન'

### IFFCO ઈફકો, કલોલ, ગુજરાત

ટેકનોક્રાફટ ફોરમ ઓફ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કો–ઓપરેટીવ લિ.(ઈફકો – IFFCO), કલોલ દ્વારા સંચાલિત કારખાનામાં આવેલાં ટ્રેનીંગ સેન્ટર ઓડિટોરીયમમાં, ભાઈ સી.રાજગોપાલને ૧૯મી માર્ચે, "તણાવનું નિયમન" પર વક્તવ્ય આપ્યું હતું.

જોઈન્ટ GM અને DGM સહિત, ઈફકો–IFFCO કલોલના એકસોથી પણ વધારે કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કર્મચારીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો અને એમાંના ઘણાં બધાંએ સહજ માર્ગ પધ્ધતિ હેઠળ ધ્યાનનો અભ્યાસ શરૂ કરવાની તૈયારી બતાવી હતી.



## ધ્યાન દ્વારા તણાવમાંથી મુક્તિ

### પોલીસ એકેડમી–માયસોર

બેંગલોર સેન્ટરના ભાઈ ભાસ્કર રાવે કર્ણાટક પોલીસ એકેડમી, માયસોર ખાતે 'ધ્યાન દ્વારા તણાવમાંથી મુક્તિ', એ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમ કર્ણાટક પોલીસના એકેડમીના તાલીમ–કોર્સમાં નવા જોડાયેલા ઓફિસરો માટે હતો.

ભાઈ ભાસ્કર રાવનું વક્તવ્ય સારી રીતે તૈયાર કરાયેલું હતું, વિષય રસપ્રદ અને આજના સમયની માંગ માટેનો હોવાથી વક્તવ્ય ખૂબ અસરકારક રહ્યું. માનવીનું બાહ્ય, તણાવયુક્ત જીવન, કાર્યનો ભાર, અને પોતાને અનુભવાતી વિવિધ નકારાત્મક અસરો હોવા છતાં, ધ્યાન દ્વારા માનવી તેના જીવનમાં કેવી રીતે આંતરિક શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે, તે તેમણે બહુ સરસ રીતે સમજાવ્યું હતું. તેમણે "તણાવ", "મન", "લક્ષ્ય" અને "અંતિમ લક્ષ્ય" વિષયો પર પ્રકાશ પાડ્યો હતો. હાજર રહેલા સીનીયર ઓફિસરોએ પણ પોતાના વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું અને આખો કાર્યક્રમ રસપ્રદ બન્યો હતો. પ્રશ્નોત્તરી સાથે કાર્યક્રમનો અંત આવ્યો હતો.



## લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા

### જયપુર

જયપુરની લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાએ તેના 'એચઆરડી' કાર્યક્રમ હેઠળ, આપણા મિશનને ધ્યાન અને તણાવના નિયમન વિશે રજૂઆત કરવાનું આમંત્રણ આપ્યું હતું. તેમના બે દિવસના કાર્યક્રમ માટે આપણને ૯૦ મિનિટની મંજૂરી મળી હતી. આ રજૂઆતમાં ખાસ કરીને 'ધ્યાન શું છે', 'ધ્યાનના ફાયદા', 'સહજ માર્ગ શું આપે છે' અને 'સહજ માર્ગ દ્વારા ધ્યાન કેવી રીતે શરૂ કરવું', તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જયપુર ડિવિઝન હેઠળ આવેલા LICના તમામ કર્મચારીઓ માટે, જુદા જુદા સેશન્સમાં, આ કાર્યક્રમનું આયોજન ભાઈ સંજીવ સીંગ દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ મહિનામાં આવાં લગભગ ચૌદ સેશન્સનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક સેશન્સમાં ભાગ લેનારાઓને ઘણી પ્રેરણા મળી હતી અને આ પધ્ધતિ દ્વારા ધ્યાન શરૂ કરવાની તેમણે તત્પરતા દર્શાવી હતી.



SRCM
# ઈન્ડીયા ન્યુઝલેટર
મે 2008 | માત્ર અંગત પ્રકાશન માટે | વર્ષ 1 અંક 3

## દમણ અને વલસાડ ખાતે જમીનની નોંધણી (રજીસ્ટ્રેશન)

### 25 ફેબ્રુઆરી

25 ફેબ્રુઆરીના રોજ વલસાડ(ગુજરાત) ખાતે મિશનના સેક્રેટરી, શ્રી બાજપાઈજીએ આશ્રમ બાંધવાની જગ્યાનું નિરીક્ષણ કર્યું હતું. તેમને આશ્રમ માટેની ભાવિ યોજના અને આશ્રમના બાંધકામના માળખાની વિગતોની જાણ કરવામા આવી હતી. વાપી, વલસાડ, ખેરગામ, નવસારી અને બારડોલીના લગભગ 100 અભ્યાસીઓએ સત્સંગમાં ભાગ લીધો હતો. આશ્રમ બાંધવાની જગ્યામાં, ચેતનાને જાગૃત કરતી અને હૃદયને સમૃધ્ધ બનાવતી પૂ.માસ્ટરની સૂક્ષ્મ હાજરી સૂચવતી પરિચિત નીરવતા ફેલાઈ ગઈ હતી.

આ આનંદ અને ખુશીથી ભરપૂર વાતાવરણમાં ભાઈ સુરેશ, શ્રી બાજપાઈજી અને ડો. સુરેન્દ્ર અગ્રવાલે (સબ ઝોનલ-કોઓર્ડિનટર) અભ્યાસીઓને સંબોધ્યા હતા. ભાઈ હિતેશે(સેન્ટર-ઈન-ચાર્જ) સમાપનવિધિના શબ્દો કહ્યાં હતાં અને તે પછી વલસાડ આશ્રમની જગ્યાની નોંધણી કરવામાં આવી હતી.

### 6ઠ્ઠી એપ્રિલ, 2008

6ઠ્ઠી એપ્રિલ, રવિવારના રોજ, મુખીયા ગામ તથા આજુબાજુના બીજા ગામોના લગભગ સો જેટલા ગ્રામવાસીઓને તેમ જ, ગામના મુખી, તલાટી, સ્થાનિક કક્ષ્આ અને બીજા વગદાર ઓફિસરોને "વલસાડ આશ્રમ ભૂમિ" ખાતે ઓપન હાઉસ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં વાપી, વલસાડ, ખેરગામ અને ઉમરગામથી 150 જેટલા અભ્યાસીઓ પણ સમૂહ સત્સંગ માટે ભેગા થયા હતા.

આ દોઢ એકર જમીનના અસલી માલિકોએ આ દિવ્ય અને આધ્યાત્મિક કારણ માટે જમીનની ખરીદી કરાવી આપવામાં મદદ કરી હોવાથી તેમનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. આપણે તેમને જણાવ્યું હતું કે અમે ત્યાં કોઈ પણ જાતના ધર્મપરિવર્તન કરવાના નથી અને અમે કોઈ ખાસ ધર્મ, જાતિ કે પંથ સાથે પણ જોડાયેલા નથી.

માનવીય ગુણવત્તાઓમાં વધારો કરીને, માનવીને વધારે સારો માનવી બનાવવામાં મદદરૂપ થતા "સહજ માર્ગ" વિશે જાણીને ગ્રામવાસીઓ ઘણા ખુશ થયા હતા. તેમાં ધર્મ અને આધ્યાત્મિકતાના મહત્ત્વ વિશે સિધ્ધાંતો આપવામાં આવ્યાં હતાં. ત્યારપછી ત્યાં ભેગાં થયેલાં લગભગ 300 વ્યક્તિઓ માટે બપોરનું ભોજન પીરસવામાં આવ્યું હતું.

ઘણાં ગ્રામવાસીઓએ અભ્યાસ શરૂ કરવા પ્રતિ ઉત્કટ રૂચિ દર્શાવી હતી, જે વલસાડ આશ્રમના ઉપયોગ, જાળવણી અને વિકાસ માટે મદદરૂપ નીવડશે.

સુરેશ રાજગોપાલન, અમદાવાદ



## બાળકોના ઉછેરમાં માતાપિતાની ભૂમિકા

### ઈન્દોર સેન્ટર

પૂ.માસ્ટરે આપેલા માર્ગદર્શન મુજબ, બાળકોના ઉછેરમાં માતાપિતાની ભૂમિકામાં જાગૃતિ લાવવાની દૃષ્ટિથી, તા.૨૪મી ફેબ્રુઆરીએ ઈન્દોર ખાતે અભ્યાસી માતાપિતા માટે અડધા દિવસની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ.લાલાજી, પૂ.બાબુજી અને પૂ.માસ્ટરના સાહિત્યનો અભ્યાસ કરી, તેમાંથી માતાપિતાની ભૂમિકાને લગતા કેટલાક યોગ્ય વિચારો રજૂ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના કોઓર્ડીનેટર તરીકે બહેન યામિની કરમકર અને ભાઈ રાજેશ રેવરકર હતાં. વર્કશોપને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી હતી. પહેલા ભાગમાં માતાપિતા અને બાળકો વચ્ચેના સંબંધોને લગતાં વિષયોની ચર્ચા કરવામાં આવી હતી. બીજો ભાગ, કોઓર્ડીનેટર અને વર્કશોપમાં ભાગ લેનારાઓ વચ્ચે વિચારોના આદાન-પ્રદાનનો હતો. ત્રીજા ભાગમાં, કાર્યક્રમનું સમાપન અને અવલોકન, ભાઈ વિકલ્પ મુંદ્રા (ઝોન-ઈન-ચાર્જ, મધ્યપ્રદેશ) અને ભાઈ નિર્મલ દગ્ધી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ચર્ચાનો નિષ્કર્ષ એ હતો, કે આ મુદ્દા પરના પૂ.માસ્ટરના બોધનો વ્યવહારિક રીતે અમલ થાય, સાધના કરવાના આપણાં પ્રયત્નો નિષ્ઠાપૂર્ણ અને પ્રમાણિક રહે, તેમ જ આપણાં વર્તનમાં પરિવર્તન આવે, કે જેથી આપણાં બાળકો પર તેની સકારાત્મક અસર પડે.

રાજેશ રેવરકર, યામિની કરમકર



"બાળકો કુટુંબની એકતા, શાંતિ અને સુમેળનાં અદ્ભુત વાહક છે. બાળકો આપણા જીવનમાં હળવાશ અને હાસ્યને લાવે છે, જે જીવન માટેનાં બે આવશ્યક ઘટકો છે. બાળકો ભવિષ્યના પ્રતિનિધિઓ છે. તેઓ જે પરિવારમાં જન્મ્યાં છે, માત્ર તેનાં જ પ્રતિનિધિ નહીં, પણ પોતાના વિકાસ અને વૃધ્ધિ દ્વારા પોતાનો ફાળો આપનાર સમગ્ર માનવજાતના પ્રતિનિધિ પણ છે. આમ સમગ્ર માનવજાતના ભવિષ્યનું ઘડતર કરવામાં આપણે એક ચોક્કસ ભૂમિકા ભજવવાની છે."

પી.રાજગોપાલાચારી
"ક્રિષ્ના", ડાઉન મેમરી લેન ભાગ-૨, પૃષ્ઠ ૨૨૬.



## ઈન્દોર સેન્ટરમાં નવા અભ્યાસીઓ માટેનો કાર્યક્રમ

"એક ભરવાડનું ધ્યાન ઘેર પાછા ફરેલા સો ઘેટા કરતાં જે ઘેટું ખોવાઈ ગયું હોય, તેના માટે વધારે રહે છે. પ્રેમી પણ જે હાજર ન હોય, તેની જ ચિંતા વધારે કરે છે. પૂ.ચારીજી, સહજ માર્ગના સિધ્ધાંત ભાગ-૧૦, પૃષ્ઠ ૧૩૦.



ઈન્દોર સેન્ટરમાં એક નિરીક્ષણથી જણાયું કે ઘણાં લોકો મિશનમાં જોડાય છે, પણ થોડા સમય પછી ઘણા મિશન છોડી દે છે. તેનાં ઘણાં કારણો જણાયાં છે. આ સમસ્યાને ઉકેલવામાં મદદરૂપ થવા માટે સેન્ટરે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આપણાં નવાં ભાઈબહેનો, જે જાન્યુઆરી ૨૦૦૭ પછી મિશનમાં જોડાયા છે તેમને માટે તા.૨૨મી માર્ચ ૨૦૦૮ના રોજ, "સાધના ઓરિએન્ટેશન પ્રોગ્રામ"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લગભગ ૫૦ અભ્યાસીઓએ હાજરી આપી હતી. વર્કશોપ માટેનું વાતાવરણ ઘણું જ મૈત્રીસભર અને સાનુકૂળ રાખવામાં આવ્યું હતું. ભાઈ અવિનાશ કરમકર (સેન્ટર-ઈન-ચાર્જ, ઈન્દોર) અને ભાઈ નિર્મલ દગ્ધીએ સાધનાનો સંપૂર્ણ પરિચય આપ્યો હતો. તેમણે સહજ માર્ગ પધ્ધતિનાં વિવિધ પાસાંઓ વિશે સમજાવ્યું હતું, તેની સરળતા અને નિયમિત અભ્યાસ કરવાની જરૂરિયાત પર પણ તેમણે ભાર મુક્યો હતો. આ મુદ્દાઓને વ્યક્ત કરવા માટે થયેલી કેટલી રજૂઆતોથી આ કાર્યક્રમ વધારે રસપ્રદ અને જીવંત બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે, ડો.પી.સી.શર્માએ પ્રશ્નોત્તરીવિભાગનું સંચાલન કર્યું હતું.

રાજેશ રેવરકર, યામિની કરમકર

યુથ વર્કશોપ, કોઈમ્બતુર



## અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ

### જોરહટ સેન્ટર

૬ઠ્ઠી એપ્રિલે જોરહટ ખાતે એક દિવસનો તાલીમ-કાર્યક્રમ યોજાયો હતો. જોરહટ, નઝીરા, સીબસાગર અને દીફુ સેન્ટરમાંથી ૪૮ અભ્યાસીઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અભ્યાસીઓ ઉપરાંત, જોરહટ એન્જિનીયરીંગ કોલેજમાં ભણતાં ચાર વિદ્યાર્થીઓ અને કેટલાંક સંબંધીઓ તથા મિત્રોએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત સત્સંગથી થઈ હતી.

ગૌહાતી સેન્ટરના ભાઈ અશોક સેનગુપ્તાએ આ તાલીમ-કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. 'સ્લાઈડ-શો'ની મદદથી તેમણે માસ્ટર, મિશન અને પધ્ધતિ વિશે સમજાવ્યું હતું. સાધના પ્રત્યે પવિત્રતાભર્યો અભિગમ કેવી રીતે અપનાવવો, તે માટેનાં ૬ અંગો -સવારનું ધ્યાન, સાંજની સફાઈ, રાત્રે સૂતી વખતનું પ્રાર્થનાધ્યાન, સત્સંગ, વ્યક્તિગત સીટીંગ અને માસ્ટર પ્રત્યે પ્રેમ તથા સમર્પણભાવ - તરફ તેમણે ધ્યાન દોર્યું હતું.

ખાસ એના પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ઉપરનાં અંગોમાંના કોઈ એકનો પણ અભાવ હોય તો યોગ્ય પ્રગતિ સાધી શકાતી નથી. એ પછી પ્રશ્નોત્તરીનો રસપ્રદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે લગભગ એક કલાક ચાલ્યો હતો. બપોરે ૪.૩૦ વાગ્યે સમૂહધ્યાન પછી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.



## યુથ વર્કશોપ

### ૨૫, ૨૬, ૨૭ જાન્યુઆરી ૨૦૦૮, કોઈમ્બતુર

કોઈમ્બતુર આશ્રમમાં રાખવામાં આવેલી બે દિવસની યુવાનો માટેની વર્કશોપનો વિષય હતો, "ભવિષ્ય અંદર જ છે". કોઈમ્બતુર, ઊટી, પોલ્લાચી અને ચેન્નાઈથી ૩૫ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એવું લાગતું હતું કે જાણે સ્વયં માસ્ટર જ આ કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા છે. વાતાવરણમાં સૂક્ષ્મ નીરવતા અને આનંદની લાગણી પ્રસરી રહી હતી.

"દર્શન" અને "પરિવર્તન" જેવા વિષયોને જુદી જુદી રીતે - જેમ કે, સમૂહચર્ચાઓ દ્વારા, ક્વીઝ દ્વારા, પ્રશ્નો અને તેના સ્પષ્ટીકરણ દ્વારા,, 'હી, હુક્કા એન્ડ આઈ'ના વિડિયો દ્વારા તેમ જ નાની નાટિકાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

સમગ્ર વર્કશોપનો સાર એ હતો કે "વર્તમાનમાં આપણે એ કરવાનું છે કે જેથી 'દિવ્ય યોજના' મુજબ ભવિષ્યનું ઘડતર થાય" અને તે આપણે "અહીં અને અત્યારે જ" કરવાનું છે. સમગ્ર વિષય એવી સરસ રીતે દર્શાવવામાં આવ્યો હતો કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા. કાર્યક્રમનો હેતુ ખૂબ સ્પષ્ટ રીતે સિધ્ધ થઈ શક્યો.

ભાઈ જી.ક્રિષ્નામૂર્તિ, કોઈમ્બતુર

## પ્રાદેશિક સંમેલન

### મધુગીરી સેન્ટર

બેંગલોરથી લગભગ ૧૦૫ કિ.મી. દૂર, તુમકુર જિલ્લામાં મધુગીરી નામનો એક તાલુકો છે. આ સેન્ટર ત્રણ વર્ષ જૂનું છે અને ત્યાં ૨૦ અભ્યાસીઓ છે. બેંગલોરના પ્રશિક્ષકો દર પંદર દિવસે, શનિ–રવિવારે, આ સેન્ટરની મુલાકાત લે છે. માર્ચની ૨૩મીએ મધુગીરીમાં આજુબાજુના સેન્ટરોનું એક દિવસનું પ્રાદેશિક સંમેલન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ એ હતો કે અભ્યાસીઓ એકબીજા સાથે હળીમળીને કામ કરે, તેમના અનુભવોનું એકબીજા સાથે આદાનપ્રદાન કરે, પોતાના વિકાસમાં પૂ.માસ્ટરની ભૂમિકા સમજે, તેમ જ ભંડારાઓમાં હાજરી આપવાનું મહત્ત્વ સમજે.

તુમકુર, તિપ્તુર, ગૌરીબીડનુર, મધુગીરી અને બેંગલોરના લગભગ ૬૦ અભ્યાસીઓએ આખા દિવસના આ કાર્યક્રમમાં હાજરીઆપી હતી. આવાં સંમેલનોનો હેતુ અભ્યાસીઓના જીવનમાં ઉત્સાહ લાવવા માટેનો હોય છે. અભ્યાસીઓ પૂ.માસ્ટરને મળવા જાય, તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં કારણ કે આવી મુલાકાતો તેમને પૂ.માસ્ટર સાથે અવ્યક્ત જોડાણ કરવામાં મદદરૂપ થાય છે.

અભ્યાસીઓએ સહજ માર્ગમાં તેમને થયેલાં અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું અને તે વિશે એક સામૂહિક ચર્ચા પણ રાખવામાં આવી હતી. અભ્યાસીઓને દિલ ખોલીને બોલતાં કરવામાં તથા તેમનામાં એકતા તથા ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહિત કરવામાં આ કાર્યક્રમ સફળ થયો હતો.

આ કાર્યક્રમની સાથે સાથે ઓપનહાઉસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં મધુગીરી સેન્ટરના લગભગ ૨૫ લોકોએ હાજરી આપી હતી. તેમાંના મોટાભાગનાં અભ્યાસીઓનાં પતિ કે પત્ની કે તેમનાં કુટુંબીજનો જ હતાં. ભાઈ ડો.ક્રિષ્ણમૂર્તિ અને ભાઈ અમરનાથે ઓપન હાઉસનું સંચાલન કર્યું હતું અને આમંત્રિતોનાં પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કર્યું હતું.





## ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ



SMRTIના આ નવા અભિગમનો હેતુ અભ્યાસીઓને એ રીતે તૈયાર કરવાનો હતો કે તેઓ સહજ માર્ગના વિષયો વિશે લોકો સમક્ષ બોલી શકે.

શરૂઆતમાં અભ્યાસીઓ અને પ્રશિક્ષકોના જૂથમાંથી વીસ જણને પસંદ કરવામાં આવ્યાં હતાં. દર શનિ–રવિવારે રાખવામાં આવનારા આ તાલીમ–કાર્યક્રમ માટે ભાગ લેનારાઓને તેમની ભાષા (અંગ્રેજી–તમિલ) પ્રમાણે જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં. દરેક જૂથ બે અઠવાડિયે ભેગું થતું અને જૂથના દરેક સભ્યે પોતાને આપવામાં આવેલાં બે વિષયો પર દસ મિનિટ બોલવાનું રહેતું હતું. તાલીમાર્થીઓને તેમના વિષયો અગાઉથી જ આપી દેવામાં આવતા હતા કે જેથી તેઓ અગાઉથી જ તેની તૈયારી કરી શકે. દરેક ભાષણને અંતે, કાર્યક્રમના કોઓર્ડીનેટર તેમનું મંતવ્ય અને સૂચન આપતા, કે જેથી વક્તાઓને તેમનાં વક્તવ્યમાં સુધારો લાવવામાં મદદ મળે. શ્રોતાઓની સમજ વધે તે માટે વિષય માટે પાર્શ્વભૂમિ કેવી રીતે બાંધવી, વિચારોની ઊંડાઈ કઈ રીતે રજૂ કરવી, વિષયની બારીકાઈ, વિચારોની સ્પષ્ટતા અને સંસ્કૃત શબ્દોનો ઉપયોગ કઈ રીતે કરવો તેની માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત, દિલથી કઈ રીતે બોલવું, બોલવાની ગતિ, લેખનશૈલી,સમયનું સંચાલન, વગેરે કેટલાંક પાસાંઓ પણ તાલીમાર્થીઓનાં ધ્યાનમાં લાવવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત ધ્યાન, સફાઈ અને પ્રાર્થના જેવાં મૂળ વિષયોથી કરવામાં આવી હતી. ત્યાર પછી વધુ ગહન વિષયો લેવાયાં, જેમ કે પ્રેમ, વિશ્વાસ અને શરણાગતિ. "સહજ માર્ગ સરળ છે પણ સહેલો નથી" જેવાં વિષયો રસપ્રદ હતાં. જાહેર જનતા સમક્ષ તમે સહજ માર્ગનો પરિચય કેવી રીતે આપશો, તેના પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. ભાગ લેનારાઓને કહેવામાં આવ્યું હતું કે તેઓ જુદા જુદા પ્રકારના લોકો સામે સહજ માર્ગની રજૂઆત કરે કે જેથી તેમને વાસ્તવિક પ્રયત્ન કરવાની તક મળે.

કાર્યક્રમ જેમ જેમ આગળ ધપતો ગયો, તેમ તેમ તેમાં સુધારાનાં ચિહ્નો જોઈ શકાયાં અને તાલીમાર્થીઓ પણ વક્તવ્યની છટામાં વધારે સ્વસ્થ બની રહ્યાં. મોટાં ભાગનાં ભાગ લેનારાઓ શરૂઆતમાં જે અસ્વસ્થતા અનુભવતાં હતાં, તેમની અંદર હવે આંતરિક સ્વીકૃતિના ચમકારા અવારનવાર દેખાતા અને આ બદલાવ જોવો એ એક અદ્ભુત અનુભવ હતો. જેમ જેમ ભાગ લેનારાઓની કાર્યકુશળતા ધારદાર થતી ગઈ અને તેઓ વક્તા તરીકે પરિપક્વ થતા ગયા, તેમ તેમ તેમને અભ્યાસીઓ સમક્ષ અને જનતા સમક્ષ બોલવાની તક પૂરી પાડવામાં આવતી ગઈ.

જેમ જેમ આપણે આગળ વધતાં જઈએ, તેમ તેમ આ માર્ગ આપણાં હૃદયને ખુલાં કરવામાં કેટલી મદદ કરી શકે છે તે આનાથી શીખવા મળે છે. વિકાસ અને ઉત્સાહપૂર્ણ ભરેલાં આ કાર્યક્રમનું બીજા સેન્ટરોમાં સરળતાથી અનુકરણ થઈ શકે છે.

શ્રીરામ રાઘવેન્દ્ર

# સેન્ટર્સ ઓફ લાઈટ

## આલુવા, કેરાલાનો ઝોનલ આશ્રમ

આલુવા ખાતેનો ઝોનલ આશ્રમ કેરાલામાં મિશનનો સૌથી પહેલો આશ્રમ છે. તેનું ઉદ્‌ઘાટન પૂ.માસ્ટરે 25 ફેબ્રુઆરી 2001ના રોજ કર્યું હતું. તે પ્રસંગે પૂ.માસ્ટરે કહ્યું હતું, "સૌ કેરાલાવાસીઓ, જાગો." તે વખતે તેમણે અભ્યાસીના જીવનના ત્રણ 'એમ' (માસ્ટર, મિશન, મેથડ)ના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને આજુબાજુના રાજ્યોના લગભગ બધાં જ અભ્યાસીઓની હાજરીમાં ઉજવાયેલો તે એક અદ્‌ભુત પ્રસંગ હતો. કેરાલાની ભૂમિમાં મિશનને આગળ ધપાવવામાં આ પ્રસંગ ખૂબ અગત્યનો હતો.




1995માં આ આશ્રમનો વિચાર આવ્યો હતો. પૂ.માસ્ટરે તેને માટે પસંદ કરેલી જમીનની મંજૂરી આપી હતી અને કેટલાંક અભ્યાસીઓએ તેને ખરીદી હતી, જેમણે પાછળથી રસ્તો બનાવવા માટે 55 ટકા જેટલું દાન કર્યું હતું. પછીથી મિશને આગળનો ભાગ પણ ખરીદી લીધો હતો. તે કોમ્પ્લેક્ષમાં હાલમાં 14 અભ્યાસીઓના પોતાના પ્લોટ છે. તેમાંના મોટાંભાગનાંઓએ તો આ વિસ્તારમાં ઘરો પણ બાંધ્યા છે, જે હવે 'સહજગ્રામમ્' કહેવાય છે.




1-17 એકરની જમીન પર લગભગ 5600 ચો.ફૂટનો મેડિટેશન હોલ બાંધવામાં આવ્યો છે. તેમાં 1400 અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે તેમ છે. તેમાં ડોરમેટરી છે, જેમાં ઉત્સવ દરમિયાન 90 અભ્યાસીઓ રાત્રિનિવાસ કરી શકે છે. મેડિટેશન હોલની આસપાસની જગ્યામાં ઉત્સવ દરમિયાન ટેન્ટમાં આશરે 3000 અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે છે. માસ્ટરનું કોટેજ મેડિટેશન હોલની જોડે જ છે. મેડિટેશન હોલની બાજુમાં આવેલું રસોડું તૈયાર છે અને તે બધી જ સુવિધાઓથી સજ્જ છે. ત્યાં 1000 ચો.ફૂટનો ડાઈનીંગ હોલ પણ છે. ભાઈઓ અને બહેનો માટે જુદા જુદા ટોઈલેટ - બાથરૂમની પણ સગવડ છે.



ત્યાં સુંદર બગીચો છે, જેની કાળજીપૂર્વક દેખરેખ રાખવામાં આવે છે. સત્સંગ દરમિયાન બાળકોને પ્રવૃત્તિમય રાખવા માટે, પૂરતાં સાધનોવાળું, નાનું રમતનું મેદાન પણ છે. આશ્રમમાં સારી લાઈબ્રેરી પણ છે જેમાં હિન્દી, અંગ્રેજી, તમિલ અને મલયાલમ ભાષાનાં પુસ્તકો ઉપલબ્ધ છે. અભ્યાસીઓ લાઈબ્રેરીનો સારો લાભ ઉઠાવે છે.

કેરાલા ઝોન માટે કેન્દ્રિયકરણ કરેલાં ઘણાં ઉત્સવોનું આયોજન પણ અહીં કરવામાં આવે છે. જેમ કે આ 30મી એપ્રિલે, પૂ.બાબુજી મહારાજની જન્મજયંતિની ઉજવણી પણ આલુવા આશ્રમમાં કરવામાં આવશે, જેમાં કેરાલાના બધાં જ વિસ્તારોમાંથી આવતાં લોકો ભાગ લેશે. આ આશ્રમ કડુંગલુર ગામમાં આવેલો છે અને તે આલુવા રેલવે સ્ટેશનથી 5 કિ.મી., નેશનલ હાઈવે નં.47થી 3 કિ.મી. અને કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટથી 11 કિ.મી. દૂર છે.

આ ન્યુઝલેટર ઈમેલ દ્વારા મેળવવા માટેની વેબસાઈટ છે: http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp
આપના પ્રતિભાવો, સૂચનો અને સમાચાર, લેખ મોકલવા મહેરબાની કરીને ઈમેલ કરો: in.newsletter@srcm.org

© ૨૦૦૮ શ્રી રામચંદ્ર મિશન ("SRCM"). સર્વ હક્ક સ્વાધીન.
"શ્રી રામચંદ્ર મિશન", "સહજ માર્ગ", "SRCM", "કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ" અને મિશનનું પ્રતીક, શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કસ છે.
વિષય માટે આ સંદેશમાં સુધારા કરી શકાય. આ સંદેશ માત્ર SRCMનાં સભ્યો માટે જ ઉપલબ્ધ છે.